For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# દ.ગુ.ના 3 લાખને રિલાયન્સનો LPG બંધ

**9 માર્ચથી 2.50 લાખ ગ્રાહકોને રિલાયન્સના પાનોલી ગેસ બોટલિંગ-રિફિલિંગ પ્લાન્ટ સિલિન્ડરની ડિલિવરી બંધ થઈ ગઈ: વિનય મહેતા ડિસ્ટ્રિબ્યુટર્સ**

**બુધવારે** રિલાયન્સ ગેસનો મેસેજ આવ્યો: અસ્થાયીરૂપે અચોક્કસ મુદત સુધી ગેસ સપ્લાયનો કરાર ડિસ્ટ્રિબ્યુટર્સ સાથે રદ કરવામાં આવે છે

**ગુજરાતના** કુલ 7.50 લાખ ગ્રાહકને રિલાયન્સ ગેસના LPG સિલિન્ડર મળતાં બંધ થતાં હાહાકાર મચી ગયો

સુરતઃ અમેરિકા, ઇઝરાયલ દ્વારા ઈરાનની ગેસ રિફાઇનરી પર હુમલો કરવામાં આવ્યા પછી ઈરાન દ્વારા કતાર, બેહરીન અને ઓમાનના ગેસ ઉત્પાદન સ્ટેશનો પર હુમલાઓ કરવામાં આવતા ભારત સહિત વિશ્વભરમાં એનર્જી સંકટ ઊભું થયું છે. ભારત સરકારે આ સંકટ હળવું કરવા આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ (ESMA) લાગુ કરી આ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓ દ્વારા ઉત્પાદિત અને સપ્લાય થતાં LPG ગેસના જથ્થા પર સરકારી પેટ્રોલિયમ કંપનીને કબજો કરી લેવા આદેશ આપતા રિલાયન્સની જામનગર રિફાઈનરીથી નીકળતો LPG ગેસનો જથ્થો અટકી ગયો છે. એને લીધે સુરત, તાપી સહિત દક્ષિણ ગુજરાતના 2.50થી 3 લાખ ગ્રાહક અને ગુજરાતના કુલ 7.50 લાખ ગ્રાહકને રિલાયન્સ ગેસના LPG સિલિન્ડર મળતાં બંધ થતાં હાહાકાર મચી ગયો છે.

રિલાયન્સ ગેસ કંપની દ્વારા એના કુલ LPG ગેસ વિતરણમાંથી 90% ગેસ ગુજરાતમાં સિલિન્ડર સ્વરૂપે સપ્લાય થતો હતો. જ્યારે બાકીનો 10% ગેસ મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં 9 બોટલિંગ રિફિલ પ્લાન્ટ થકી વિતરણ થતો હતો. સાઉથ ગુજરાતમાં પાનોલી બોટલિંગ રિફિલિંગ પ્લાન્ટ LPG સિલિન્ડરની ડિલિવરી બંધ થતા હાહાકાર મચ્યો છે.



1998થી સુરત શહેરમાં રિલાયન્સ LPG ગેસના સૌથી મોટા ડિસ્ટ્રિબ્યુટર વિનય મહેતાનો ગુજરાતમિત્રએ સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, સરકારે ESMA લાગુ રિલાયન્સનો ગેસ સરકારી ગેસ કંપનીઓ હસ્તગત લીધા પછી 9 માર્ચથી અમને પાનોલી બોટલિંગ પ્લાન્ટથી LPG ગેસ સિલિન્ડરની ડિલિવરી મળી નથી. અમારી પાસે જે સ્ટોક હતો એ 11 માર્ચે પૂરો થઈ ગયો હતો. રિલાયન્સ ગેસ કંપનીએ ગઈકાલે ગુજરાતના તમામ ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સને મેસેજ મોકલ્યો હતો કે, રિલાયન્સ ગેસ કંપની અને ડિસ્ટ્રિબ્યુટર્સ વચ્ચે અગાઉ થયેલો કરાર આ સાથે અસ્થાયીરૂપે અચોક્કસ મુદત સુધી રદ (ફોર્સ મેજર) કરીએ છીએ અને આપને LPG ગેસ સિલિન્ડર સપ્લાય કરવામાં રિલાયન્સ મુક્ત થાય છે. ભવિષ્યમાં સરકાર કોઈ નિર્ણય લઈ રિલાયન્સને ગેસ ફરી હસ્તગત કરવાની છૂટ આપશે તો LPG ગેસ સિલિન્ડર સપ્લાય રિસ્ટોર કરીશું.

વિનય મહેતાએ કહ્યું હતું કે,અમે ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિએશન થકી ચીફ સેક્રેટરી, ગેસ સપ્લાયની જવાબદારી સંભાળતા અધિકારી મોના ખંધાર અને ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ અને રિલાયન્સના અધિકારીઓને ભેગા મળી KYC ના આધારે રિલાયન્સનો ગેસ સપ્લાય ચાલુ રાખવા રજૂઆતો કરી હતી.

...અનુસંધાન પાના 6 પર

## ESMA લાગુ થતાં રિલાયન્સ ગેસના દક્ષિણ ગુજરાતના 300 ડિસ્ટ્રિબ્યુટર અને હજારો કર્મચારી બેરોજગાર થયા

સુરતમાં રિલાયન્સના જૂના ડિસ્ટ્રિબ્યુટર કે તેની અંડરમાં 40 ડીલર કામ કરતાં હતા, એવા વિનય મહેતાએ વધુમાં કહ્યું હતું કે, ESMA લાગુ થતાં રિલાયન્સ ગેસના દક્ષિણ ગુજરાતના 300 ડિસ્ટ્રિબ્યુટર અને હજારો કર્મચારી રાતોરાત બેરોજગાર થઈ ગયા છે. મારી સુરત ઓફિસમાં 16 લોકો કામ કરે છે. તેઓને શું જવાબ આપવો સમજાતું નથી. સુરત અને તાપી જિલ્લા રિલાયન્સ ગેસના 125 થી 150 ડિસ્ટ્રિબ્યુટર્સ મળી દક્ષિણ ગુજરાતમા 300 જેટલા ડિસ્ટ્રિબ્યુટર્સ રિલાયન્સનો સરકારી સબસિડી વિનાનો રાંધણ ગેસ વિતરણ કરે છે. દક્ષિણ ગુજરાતમાં પાનોલી બોટલિંગ પ્લાન્ટથી 35,000 થી 40,000 ગેસ સિલિન્ડર નીકળ્યા હતા, એ સંપૂર્ણ નીકળવાના બંધ થઈ ગયા છે અને હજારો લોકોની રોજી રોટી સામે સંકટ ઊભું થયું છે.

## સરકારી સબસિડી વિનાનો ગેસ વિતરણ કરી રિલાયન્સ અને અમે સરકારની સેવા કરીએ છીએ: વિનય મેહતા

ડિસ્ટ્રિબ્યુટર્સ વિનય મહેતા એ કહ્યું હતું કે, 1998થી રિલાયન્સ અને અમે સરકારી સબસિડી વિનાનો ગેસ વિતરણ કરી ભારત સરકારની એક રીતે સેવા કરીએ છીએ. સરકારી ગેસ કંપનીઓનો રાંધણ માટેનો LPG ગેસ યુદ્ધ પહેલાં 858 રૂપિયા હતો. જે યુદ્ધ શરૂ થયા પછી 918 રૂપિયાનો થયો છે. જ્યારે રિલાયન્સનો LPG ગેસ 1383 રૂપિયામાં અમે વેચતા હતા. સુરત અને દક્ષિણ ગુજરાતમાં અમારા મોટાભાગના (70%) ગ્રાહકો પરપ્રાંતીય કામદારો છે. એમને ગેસ સિલિન્ડર નહીં મળતાં તેઓ પૈકી કેટલાક હિજરત કરી ગયાના અહેવાલ છે. હાલ દક્ષિણ ગુજરાતના 300 જેટલા ડિસ્ટ્રીબ્યુશન આઉટ લેટ બંધ છે. લોકો રોજ સિલિન્ડર માટે જુદી જુદી શંકાઓ સાથે ધક્કા ખાય છે. એમને ભય છે કે કારીગર વર્ગ અમારા વિતરકો પર હુમલો ન કરી બેસે.

# સુરત શહેરના 45 PIની બદલી, નવા 37 આવ્યા

**DGPએ રાજ્યના 518 PIની સાગમટે બદલીનો કોરડો ઝીંક્યો, સુરત ગ્રામ્યમાં 6 પીઆઈની બદલી**

સુરતઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગે તે પહેલા જ રાજ્ય પોલીસ વડા (DGP) દ્વારા વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્યભરમાં ફરજ બજાવતા 518 જેટલા પોલીસ ઇન્સ્પેક્ટરો (PI) ની એકસાથે બદલીનો ઓર્ડર છૂટતા પોલીસ બેડામાં ભારે ફફડાટ પડ્યો છે. જેમાં સુરત શહેરના 45 જેટલા પોલીસ ઇન્સ્પેક્ટર બદલી કરી દેવામાં આવી છે, જ્યારે 37 પીઆઈની શહેરમાં નિમણૂક કરવામાં આવી

...અનુસંધાન પાના 6 પર

### સુરત શહેરમાં નવા નિમણૂક પામેલા PI

- પી.એ. વળવી: વલસાડથી સુરત શહેર
- એ.એન. સોલંકી: મહેસાણાથી સુરત શહેર
- એ.આર. વાળા: ભાવનગરથી સુરત શહેર
- એમ.એલ. સાલુકે: અમદાવાદ શહેરથી સુરત શહેર
- પી.એલ. વાઘેલા: મહેસાણાથી સુરત શહેર
- એચ.આર. ગૌસ્વામી: ગીર સોમનાથથી સુરત શહેર
- એન.એલ. દેસાઇ: પંચમહાલથી સુરત શહેર
- આર.એ. જાડેજા: પંચમહાલથી સુરત શહેર
- એસ.ડી. રાતડા: વડોદરા શહેરથી સુરત શહેર
- આર.એમ. ઝાલા: અમદાવાદ શહેરથી સુરત શહેર
- એન.ડી. નકુમ: અમદાવાદ શહેરથી સુરત શહેર
- પી.એચ. ભાટી: અમદાવાદ શહેરથી સુરત શહેર
- ડી. એસ. કોરાટ નવસારથી સુરત શહેર અને અન્ય મળી કુલ્લે 37 પીઆઇ નિમણૂક કરવામાં આવી

### સુરત શહેરથી અન્ય જગ્યાએ બદલી પામેલા PI

- એમ.એન. જાડેજા: સુરત શહેરથી પોરબંદર
- એમ.કે. ગોસ્વામી: સુરત શહેરથી નવસારી
- એમ.બી. ઔસુરા: સુરત શહેરથી અમરેલી
- એમ.ઝેડ. પટેલ: સુરત શહેરથી નવસારી
- બી.બી. પંચાલ: સુરત શહેરથી અમદાવાદ ગ્રામ્ય
- બી.આર. રબારી: સુરત શહેરથી અમદાવાદ શહેર
- વાય.બી. ગોહિલ: સુરત શહેરથી વલસાડ
- બી.બી. કરપડા: સુરત શહેરથી સુરત વિભાગ
- જે.એમ. સોલંકી: સુરત શહેરથી સુરેન્દ્રનગર
- એચ.બી. ચૌધરી: સુરત શહેરથી સી.આઇ.ડી. ક્રાઇમ
- એમ.બી. વાછાણી: સુરત શહેરથી રાજકોટ શહેર
- જી.કે. જાડેજા: સુરત શહેરથી વાવ-થરાદ
- શ્રી એચ.કે. સોલંકી: સુરત

...અનુસંધાન પાના 6 પર

### સુરત શહેરમાં નિમણૂક પામેલા અને અગાઉ નોકરી કરી ગયેલા અધિકારીઓ

- પી.આઇ. મહેન્દ્ર સાલુંકે: અમદાવાદ ક્રાઇમ બ્રાંચથી સુરત શહેર (અગાઉ સુરત ડીસીબી અને ઉમરામાં ફરજ બજાવી ચૂક્યા છે)
- પી.આઇ. એન.એલ. દેસાઇ: પોરબંદરથી સુરત શહેર (અગાઉ રાંદેર પોલીસ મથકમાં પી.એસ.આઇ. હતા)
- દીપક કોરાટ: નવસારીથી સુરત શહેર
- તેજશ ગઢવી: સુરત શહેરમાં બદલી (અગાઉ ડીસીબીમાં પી.એસ. આઇ. હતા)

### સુરત શહેર/ગ્રામ્યમાંથી બદલી પામેલા અધિકારીઓ

- પી.આઇ. ભાવેશ રબારી: સુરત (ખટોદરા) થી અમદાવાદ શહેર
- પી.આઇ. અલ્પેશ ગાબાણી: સુરત (ભેસ્તાન) થી નવસારી શહેર
- પી.આઇ. રામ ગોજીયા: વરાછા પોલીસ મથકથી સુરત ગ્રામ્ય

**અન્ય બદલી:**

- અશરફ બલોચ: સી.આઇ.ડી. ક્રાઇમથી ભરૂચ શહેર.

**સુરત એરપોર્ટ પર બોમ્બની ખોટી ધમકીથી હડકંપ**

# ચેકઈન વખતે મુસાફરે 'બેગમાં બોમ્બ'ની મજાક કરી અને દોડાદોડી થઈ

**મજાક** કરી પેસેન્જરોને ભયભીત કરનાર મહારાષ્ટ્રના સતારાના મનસૂર શેખની અટકાયત

**BTACએ** તપાસ બાદ ધમકી 'નોન-સ્પેસિફિક' જાહેર કરી...

સુરતઃ દિલ્હી જવા માટે એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ નં. IX-1264 (નિર્ધારિત સમય 9:10 વાગ્યે) માટે ચેક-ઈન પ્રક્રિયા દરમિયાન એક મુસાફરે પોતાના બેગમાં બોમ્બ હોવાની વાત કહી હતી. મુસાફર તરીકે ઓળખાયેલા મનસૂર ખુદબુદ્દીન શેખ

...અનુસંધાન પાના 6 પર

### બેગમાં બોમ્બ હોવાની પેસેન્જરની મજાકનો ઘટનાક્રમ

- સ્થળ અને સમય: સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ, ગુરૂવારે રાતે ફ્લાઇટના ચેક-ઇન સમયે.
- ઘટના: યુવકે ચેક-ઇન કાઉન્ટર પર એરલાઇન્સ સ્ટાફને બોમ્બ હોવાનું કહ્યું,બોમ્બની વાત સાંભળતા જ સ્ટાફ ગભરાઇ ગયો અને તુરંત CISF (સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ) અને ડુમસ પોલીસને જાણ કરી.
- સુરક્ષા તપાસ પછી CISF એ તાત્કાલિક યુવકની અટકાયત કરીને તપાસ કરી

...અનુસંધાન પાના 6 પર

## આઠમના દિને અંબિકાનિકેતનમાં ભક્તોનો સાગર



ચૈત્રી નવરાત્રિનું ધાર્મિક મહત્વ ખૂબ જ હોવાથી આઠ દિવસ સુધી લોકો પૂજા અને અનુષ્ઠાન કરતાં હોય છે. જેમાં આઠમના દિવસે ભક્તો માતાજીના દર્શનનો અચૂક લાભ લેતા હોય છે. જેના કારણે અંબિકાનિકેતન મંદિરમાં ભક્તોનો સાગર ઉમટી પડ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

# ખજોદ આગમાં 20 લાખ લિટર પાણી વપરાયું, મહદઅંશે કાબૂમાં

**કેટલાંક** સ્થળે હજુ પણ ધુમાડા નીકળી રહ્યો છે, હજુ બે દિવસ કુલિંગ પ્રક્રિયા ચાલશે

સુરતઃ સુરત શહેરના છેવાડે આવેલી ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર મંગળવારે બપોરે ફાટી નીકળેલી વિકરાળ આગ પર આખરે ત્રીજા દિવસે ફાયર વિભાગે મહદઅંશે કાબૂ મેળવી લીધો છે. અંદાજે એક કિલોમીટરના વિશાળ વિસ્તારમાં પ્રસરેલી આ આગને બુઝાવવા માટે ફાયર ફાયટરોએ ગઈકાલ આખી રાત પાણીનો મારો ચલાવ્યો હતો, જેના પરિણામે સવારે મોટાભાગના હિસ્સામાં જ્વાળાઓ શાંત પડી છે. જોકે, હજુ પણ અમુક સ્થળોએથી ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હોવાથી ત્યાં ફાયરના લાશ્કરો સતત જહેમત ઉઠાવી રહ્યા છે. અત્યાર સુધીમાં અંદાજે 20 લાખ લિટર પાણીનો વપરાશ થઈ ચૂક્યો છે અને આગ સંપૂર્ણપણે ઠરે તે માટે આગામી બે દિવસ સુધી સઘન કુલિંગ કામગીરી ચાલુ રખાશે.

બીજી તરફ, સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશમાં પ્રથમ ક્રમે આવનાર સુરત મનપાના વહીવટી તંત્ર અને વૈજ્ઞાનિક ઢબે કચરાના નિકાલનો ઈજારો ધરાવતી સીડી ટ્રાન્સપોર્ટ એજન્સીની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊઠ્યા છે. હજારો ટન કચરાના કથિત કૌભાંડ પર પડદો પાડવા માટે આ આગ જાણીજોઈને લગાવવામાં આવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આગ એટલી ભયાનક હતી કે તેના ધુમાડા 10 થી 15 કિલોમીટર દૂર સુધી દેખાતા હતા, જેના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. હાલમાં ફાયર વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે ધુમાડા નીકળતા પોઈન્ટ્સ પર અવિરત પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે જેથી આગ ફરીથી ભભૂકી ન ઊઠે.

**ખજોદ વેસ્ટ સાઇટ મામલે GPCB સખ્ત**

# SMC પાસે ભવિષ્યના પ્લાન સાથે રૂટ કોઝ રિપોર્ટની માંગ

**GPCBએ** સુરત મહાનગરપાલિકાને આ રિપોર્ટ 3 દિવસમાં રજૂ કરવા અલ્ટિમેટમ આપ્યું

સુરતઃ સુરત શહેરના ખજોદ વિસ્તારમાં આવેલી વેસ્ટ મેનેજમેન્ટ સાઇટ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે. આશરે દોઢ મહિના પહેલાં અહીં લાગેલી આગની ઘટનાને લઈને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા કરવામાં આવેલી તપાસમાં ગંભીર ખામીઓ બહાર આવી હતી. હવે આ મામલે જીપીસીબીએ વધુ કડક વલણ અપનાવ્યું છે.

ખાસ કરીને, ખજોદ આગની ઘટનાને લઈને જીપીસીબીએ સુરત મહાનગરપાલિકા (એસએમસી) પાસે રૂટ કોઝ એનાલીસીસ (મૂળ કારણોનું વિશ્લેષણ) રિપોર્ટ માંગ્યો છે. સાથે જ ભવિષ્યમાં આવી આગની ઘટનાઓ ફરી ન બને તે માટે ચોક્કસ અને અસરકારક એક્શન પ્લાન રજૂ કરવાની ફરજ પણ સોંપવામાં આવી છે. જીપીસીબીએ એસએમસીને આ રિપોર્ટ માત્ર 3 દિવસની અંદર રજૂ કરવાનો અલ્ટિમેટમ આપ્યો છે, જે તંત્રની વધતી ચિંતા અને કડક વલણને દર્શાવે છે. આગાઉ જીપીસીબીના રિપોર્ટમાં સ્પષ્ટપણે

...અનુસંધાન પાના 6 પર

### "સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી" પર રાજકીય છત્રછાયા અંગે ઊઠ્યા સવાલો

આ સમગ્ર મામલે કોન્ટ્રાક્ટર તરીકે કાર્યરત "સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી" પર પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક સ્તરે ઊઠેલા પ્રશ્નો અનુસાર, એજન્સીની કામગીરીમાં બેદરકારી અને નિયમોની અવગણના જોવા મળી રહી છે. તેમ છતાં કોઈ કાર્યવાહી થઈ રહી નથી. આ સમગ્ર મામલે હવે રાજકીય દખલ અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. લોકોમાં ચર્ચા છે કે, કયા રાજકારણીની છત્રછાયામાં આ એજન્સી કામ કરી રહી છે, જેના કારણે ગંભીર ઉલ્લંઘનો હોવા છતાં કાર્યવાહી થતી નથી?

# રાજ્યની કુલ લિકર પરમિટમાં 26 ટકા સુરતીઓના નામે

**33,000ની** સામે 8,622 સક્રિય પરમિટ ધારક સાથે સુરત રાજ્યમાં બીજા ક્રમે, નવી પરમિટ માંગવામાં અમદાવાદથી આગળ નીકળ્યું

સુરતઃ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં લિકર પરમિટ ધરાવનારાઓની સંખ્યા સતત વધતી જાય છે અને તેમાં સુરત મહત્ત્વપૂર્ણ સ્થાન પર પહોંચી ગયું છે. તાજા આંકડા મુજબ રાજ્યમાં કુલ આશરે 33,000 લિકર પરમિટ ધારકો છે, જેમાં સુરત 8,622 સક્રિય પરમિટ સાથે બીજા ક્રમે છે. પ્રથમ સ્થાને અમદાવાદ છે.

...અનુસંધાન પાના 6 પર

### છેલ્લા એક વર્ષમાં પરમિટની માંગમાં 300 ટકા વધારો

છેલ્લા એક વર્ષમાં લિકર પરમિટ માટે અરજદારોની સંખ્યામાં 300 % થી વધુનો વધારો નોંધાયો છે. આ વધારામાં સુરત જેવા મોટા શહેરોનું યોગદાન મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. સુરતના આ આંકડા કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો તરફ ઈશારો કરે છે કે, શહેરમાં હેલ્થ આધારિત પરમિટની માંગ વધી રહી છે. પરમિટ મેળવવાની પ્રક્રિયા વધુ લોકો સુધી પહોંચી રહી છે.

### પરમિટ મેળવ્યા બાદ રિન્યુમાં પણ સુરતીઓનો દબદબો

પરમિટ રીન્યૂ કરાવવાના મામલે પણ સુરત પાછળ નથી. સુરતમાં ૫,૮૦૮ પરમિટ રીન્યૂ થઈ છે. જ્યારે અમદાવાદમાં ૬,૯૮૮ અને વડોદરામાં ૧,૬૭૧ પરમિટ રીન્યૂ થઈ છે. આ દર્શાવે છે કે સુરતમાં એકવાર પરમિટ મેળવ્યા બાદ લોકો તેને સતત જાળવી રાખે છે.

### રદ થતી પરમિટ ખૂબ ઓછી, સુરતમાં માત્ર 2

ચોંકાવનારી વાત એ છે કે છેલ્લા બે વર્ષમાં રાજ્યભરમાં માત્ર ૩૦ પરમિટ જ રદ થઈ છે. જેમાં અમદાવાદમાં ૨૪ અને સુરતમાં માત્ર ૨ પરમિટ રદ થઈ છે. અને વડોદરામાં એક પણ થઈ નથી. આથી સ્પષ્ટ થાય છે કે એકવાર પરમિટ મળ્યા બાદ તેને રદ થવાની શક્યતા અત્યંત ઓછી છે.

# ચોરીના પુરાવાનો નાશ કરવા મદરેસા સળગાવી દીધી

**મદરેસામાં** ઘૂસી દાનમાં આવેલા રોકડા રૂપિયા ૭.૫૦ લાખ ચોરી લીધા હતા

**રૂપિયા** સળગી જાય તેવા ઇરાદાથી ઓફિસને આગ ચાંપી, પરંતુ આખી મદરેસા સળગી ગઇ



સુરતઃ ભેસ્તાનમાં દાનના ૭.૫૦ લાખ ચોરી લીધા બાદ પકડાઈ જવાની બીકે આરોપીએ મદરેસાને આગ ચાંપી દીધી હતી. જો કે, પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર સચિન પારડી વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય રઈસખાન જલીલખાન પઠાણે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભેસ્તાન-ઉન રોડ પર નાયરા પેટ્રોલ પંપની બાજુમાં તેમની મદરેસા આવેલી છે. જેમાં તારીખ ૨૪/૩/૨૦૨૬ ના રોજ વહેલી સવારે ૩:૪૫ વાગ્યે તેમના પરિચિત એવા અબ્દુલ સમદ હનીદ મનીહારે (રહે. અક્સાનગર, ઉન) પ્રવેશ કર્યો હતો. મદરેસાની ઓફિસમાં રાખવામાં આવેલા ડોનેશનના રોકડા ૭.૫૦ લાખ રૂપિયા તેણે ચોરી લીધા હતા. ત્યારબાદ કોઇ પુરાવા નહીં રહે તે માટે તેણે ઓફિસમાં આગ લગાવી દીધી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ઓફિસમાં રહેલા તમામ શૈક્ષણિક અને વહીવટી દસ્તાવેજો તથા ફાઈલો બળીને રાખ થઈ ગઈ હતી. આગને કારણે મિલકતને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. તેમણે કરેલી ફરિયાદના આધારે પોલીસે આરોપી અબ્દુલ સમદને ઝડપી લીધા હતાં.


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



॥ શ્રી સુરતી મોઢ વણિક બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ॥



અ.સૌ.મીનાક્ષીબેન વસંતલાલ ગાંધી
સ્વ.તા. ૨૭/૦૩/૨૦૨૪

આપનો પ્રેમાળ, માયાળુ સ્વભાવ, ઉમદા કૌટુંબિક ભાવના તથા સદા હસમુખો ચહેરો તથા આપના બોલેલા શબ્દોના હજી પણ ભણકારા વાગ્યા કરે છે. જેથી હરપળ આપની હાજરીનો આભાસ થયાં કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

લિ.
વસંતલાલ છગનલાલ ગાંધી (એડવોકેટ)
ધર્મેશ વસંતલાલ ગાંધી (એડવોકેટ) — ધર્મિષ્ઠાબેન ધર્મેશકુમાર ગાંધી
શેફાલી પંકજકુમાર વાણીયાવાલા — પિંકી મનીષકુમાર દુધવાલા
હર્ષિલ ધર્મેશકુમાર ગાંધી (એડવોકેટ) — આયુષી હર્ષિલ ગાંધી

સમસ્ત ગાંધી પરિવારના જય શ્રી કૃષ્ણ
નિવાસસ્થાન : ૩૧-૩૨, મિત્રાલી રો-હાઉસ, સહજ આઈકોનની બાજુમાં, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત